# સ્પોટ ફિક્સિંગ : શ્રીનિવાસન, મૈયપ્પન, કુન્દ્રાના નામ સામેલ



નવીદિલ્હી,તા. ૧૪
આઈપીએલ સ્પોટ ફિક્સિંગ મામલાની મુદગલ કમિટિના રિપોર્ટમાં કેટલાક લોકોના નામ આવ્યા હોવાનો ખુલાસો થયો છે. આ રિપોર્ટમાં બીસીસીઆઈના અધ્યક્ષ એન શ્રીનિવાસન, રાજસ્થાન રોયલ્સના સહસ્થાપક રાજ કુન્દ્રા સહિત ચાર બિન ખેલાડીઓ અને ઓછામાં ઓછા બે ખેલાડીઓના નામનો ઉલ્લેખ છે. કોર્ટે સમિતિના દોષિત જાહેર થયેલા ખેલાડીઓના નામનો ખુલાસો ન કરવા આદેશ કર્યો છે. અલબત્ત કોર્ટે સુનાવણી દરમિયાન ભુલથી બે ખેલાડીઓના નામનો ખુલાસો કરી દીધો હતો. આ બંને ખેલાડી રાજસ્થાન રોયલ્સના છે જેમાંથી એક હજુ ભારતીય ટીમના સભ્ય તરીકે છે જ્યારે બીજો ખેલાડી ઇંગ્લેન્ડનો છે. એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, અન્ય ખેલાડીઓનું નામ પણ છે જે મૂળભૂતરીતે વિન્ડિઝનો છે. અહેવાલ મુજબ કુલ ૧૩ના નામ છે જે પૈકી સાત નામ બહાર આવ્યા છે. નામ ખુબ જ ગુપ્ત રાખવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે આજે કમિટિના રિપોર્ટમાં ધ્યાન આપીને કેટલાક સૂચનો જારી કર્યા હતા. સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો હતો કે, આઈપીએલ સ્પોટ ફિક્સિંગની તપાસ કરી રહેલી મુદગલ કમિટિ દ્વારા નામોનો ખુલાસો કરવામાં આવે પરંતુ બિન ખેલાડીઓના નામ જાહેર કરવામાં આવે તે જરૂરી છે. રિપોર્ટમાં બીસીસીઆઈના અધ્યક્ષ એન શ્રીનિવાસન, તેમના જમાઈ ગુરુનાથ મય્યપન, રાજસ્થાન રોયલ્સના સહમાલિક રાજકુન્દ્રા અને આઇપીએલના સીઓઓ સુંદર રમનના નામનો ઉલ્લેખ છે. તપાસને લઇને ખુબ જ સનસનાટી ફેલાયેલી છે. દરમિયાન ૧૦મી નવેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટે મુદગલના નેતૃત્વમાં કમિટિ દ્વારા સુપ્રત કરવામાં આવેલા અહેવાલ વાંચવા વધુ સમયની માંગ કરી હતી. મુદગલ કમિટિ દ્વારા આઈપીએલ સ્પોટ ફિક્સિંગમાં તપાસ થઇ રહી છે.

# નરેન્દ્ર મોદીનું ઓસ્ટ્રેલિયામાં શાનદાર સ્વાગત



બ્રિસબેન, તા.૧૪
૧૦ દિવસની વિદેશ યાત્રા પર નીકળેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે વહેલી સવારે ઓસ્ટ્રેલિયા પહોંચી ગયા છે. પહેલા પીએમનું વિમાન બ્રિસબેનના એરપોર્ટ પર ઉતર્યું હતું. ઓસ્ટ્રેલિયામાં પીએમ મોદીની મુલાકાતના કારણે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળીરહ્યો હતો. પીએમ મોદી બ્રિસબેનથી કવીન્સલેન્ડ જવાના છે. ક્વીન્સ લેન્ડ યુનિ.માં તેમના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં તેઓ વિદ્યાર્થીઓને સંબોધન કરશે અને ત્યાર પછી તેઓ તેમની હોટલ પર જશે.

બપોરે પીએમ મોદી બ્રિટનના વડાપ્રધાન ડેવિડ કેમરેનને મળશે અને જાપાનના પીએમ શીંજો સાથે ડિનર પણ કરશે. ૧૫-૧૬ નવેમ્બરે મોદી જી-૨૦ શિખર સંમેલનમાં ભાગ લેશે. ત્યાર પછી ૧૭ નવેમ્બરે સિડનીના ઓલ ફોન્સ અરેનામાં તેમનો એક શાનદાર કાર્યક્રમ રાખવામાં આવ્યા છે. અહીં તેઓ ઓસ્ટ્રેલિયામાં રહેતા ભારતીયોને સંબોધન કરશે. અહીં સરેરાશ ૨૦,૦૦૦ લોકો હાજર રહે તેવી શકયતા છે. નરેન્દ્ર મોદીની આ કાર્યક્રમ પર સમગ્ર દુનિયાની નજર ટકેલી છે. આ કાર્યક્રમને ઓસ્ટ્રેલિયામાં રહેતી મિસ ઈન્ડિયા ગ્લોબલ રાશિ કપૂર હોસ્ટ કરશે અને ઈવેન્ટ મેનેજર સાક્ષી કપુર છે.

# હવે આરબીઆઇ નાની બેંકો માટે અરજી આમંત્રિત કરશે

મુંબઇ,તા. ૧૪
ભારતીય રીઝર્વ બેંક નાની ફાયનાન્સ અને પેમેન્ટ બેંક સ્થાપિત કરવા માટે હવે અરજી આમંત્રિત કરશે. આ મહિનાના અંત સુધી અરજી આમંત્રિત કરવામાં આવશે. નાની ફાયનાન્સ બેંક અને પેમેન્ટ બેંક ઓછી આવક ધરાવનાર લોકો અને નાના વેપારીઓને મદદરૂપ થશે. આ સંબંધમાં અંતિમ ધારાધોરણો રજૂ કરવામાં આવ્યા બાદ હવે હિલચાલ શરૂ કરી દેવામાં આવી છે. આ પ્રકારની બેંકો મટા પાયે લોકોમાંથી નાણાં ઉભા કરે તેવી શક્યતા છે. ખાસ ખરીને ગ્રામીણ વિસ્તારો અને અન્ય વિસ્તારોમાં જ્યા ઓછી આવક ધરાવનાર લોકો રહે છે તે વિસ્તારમાં આ બેંકો સહાયરૂપ રહી શકે છે. આરબીઆઇના ગવર્નર રઘુરામ રાજને વિગત આપતા કહ્યું છે કે મોબાઇલ કંપનીઓ અને મોટા પાયે ગ્રામીણ વિસ્તારમાં સક્રિય કંપનીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવનાર છે. રાજને કહ્યું કે આવનાર સપ્તાહમાં પેમેન્ટ બેંક અંગે અંતિમ માર્ગદર્શિકા મુકી દેવામાં આવશે. આ માર્ગદર્શિકા હાલમાં ટિપ્પણી અને અભિપ્રાય માટે સરકાર પાસે છે.મહિનાના અંત સુધીમાં નાની ફાયનાન્સ અને પેમેન્ટ બેંક બન્ને માટે અમે અરીજ આમંત્રિત કરીશુ. નાબાર્ડ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં તેમણે આ મુજબની વાત કરી હતી. રાજને ગયા વર્ષે આરબીઆઇના વડા તરીકેની જવાબદારી લીધી હતી. રીઝર્વ બેંકે અગાઉ ઈન્ફ્રા ધીરાણદાર આઈડીએફસી અને માઈક્રો ધીરાણદાર બંધનને લાયસન્સ આપ્યા હતા. જો તમામ દરખાસ્ત સ્વીકારી લેવામાં આવશે તો સામાન્ય લોકોને પણ સીધો ફાયદો થઈ શકશે . ખાસ કરીને ઓછી આવક ધરાવનાર અને નાના વેપારીઓને રાહત થશે.

**૧૬ બેઠકો માટે નવમી ડિસેમ્બરે મતદાન થશે**

# જમ્મુ કાશ્મીર ચૂંટણી : ત્રીજા તબક્કા માટે જાહેરનામુ જારી

નવી દિલ્હી,તા. ૧૪
જમ્મુ કાશ્મીરમાં પાંચ તબક્કામાં યોજનાર મતદાન પૈકી ત્રીજા તબક્કામાં યોજનાર મતદાન માટે આજે સવારે જાહેરનામુ જારી કરવામાં આવ્યુ હતુ. ત્રીજા તબક્કામાં ૧૬ બેઠકો માટે નવમી ડિસેમ્બરના દિવસે મતદાન યોજનાર છે. જેની તમામ તૈયારી હવે શરૂ કરવામાં આવી ચુકી છે. તમામ બેઠકો કાશમ્રી ખીણમાં હોવાથી સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. ઉરી, રાફિયાબાદ, સોપોરે, સમગ્રામ, બારામુલ્લા, ગુલમર્ગ અને પટ્ટાનમાં યોજનાર મતદાન માટે જાહેરનામુ જારી કરવામાં આવ્યુ હતુ. જાહેરનામુ જારી કરવામાં આવ્યા બાદ હવે ચૂંટણી સાથે સંબંધિત ગતિવિધીમાં વધારો થશે. જમ્મુ કાશ્મીર અને ઝારંખડમા વિધાનસભાની ચૂંટણી યોજનાર છે. બન્ને રાજ્યોમાં ચૂંટણી પંચે તમામ તૈયારી કરી છે. શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા માટે પગલા લેવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરમાં ચૂંટણીમાં ખલેલ પહોંચાડવાની જાહેરાત અલગતાવાદી અને ત્રાસવાદીઓ કરી ચુક્યા છે. જેથી વધારે કાળજી રાખવામાં આવી રહી છે. કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ સહિતના તમામ રાજકીય પક્ષો તૈયીરમાં વ્યસ્ત છે. આ વખતે ભાજપ તેની સ્થિતીને મજબુત બનાવી શકે છે. કારણ કે હાલમાં બે રાજ્યો હરિયાણા અને મહારાષ્ટ્રમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપે શાનદાર જીત મેળવીને સરકાર બનાવી છે. જેનો સીધો ફાયદો થઇ શકે છે.

# મરાઠીને ૧૬ ટકા અનામત અંગે નિર્ણય સામે અંતે સ્ટે

મુંબઈ, તા. ૧૪
મુંબઈ હાઈકોર્ટે જાહેર સર્વિસ અને શૈક્ષણિક સંસ્થાઓમાં મરાઠી સમુદાયના લોકોને ૧૬ ટકા અનામત આપવાના સરકારના નિર્ણય સામે આજે સ્ટે મુકી દીધો હતો. હાઈકોર્ટે સરકારી સંસ્થાઓમાં મુસ્લિમોને પાંચ ટકા અનામત આપવાના રાજ્ય સરકારના નિર્ણય સામે પણ સ્ટે મુક્યો હતો. પરંતુ શિક્ષણમાં તેમના ક્વોટાને મંજુરી આપી હતી. ભૂતપૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણને સરકારે વિધાનસભાની ચુંટણી પહેલા લોકપ્રિય દરખાસ્ત તરીકે આને મંજુરી આપી હતી. કોંગ્રેસ-એનસીપીની અગાઉની સરકારે જુલાઈ ૨૦૧૪માં વટહુકમ જારી કરીને મરાઠી લોકો માટે ૧૬ ટકા અનામત અને મુસ્લિમો માટે ૫ ટકા અનામતની જાહેરાત કરી હતી.

મહારાષ્ટ્રમાં સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં મુસ્લિમો અને મરાઠી લોકોને રાહત આપવાના હેતુસર આની જાહેરાત કરવામાં આવી હતી. ૨૫મી જુનના દિવસે રાજ્ય કેબિનેટ દ્વારા આ દરખાસ્તને લીલીઝંડી આપવામાં આવી હતી. મુંબઈ હાઈકોર્ટે મહારાષ્ટ્ર સરકારના આ નિર્ણય પર સ્ટે મુકતા નવી સરકારને ફરી આ દિશામાં હિલચાલ હાથ ધરવી પડશે. કોંગ્રેસ-એનસીપી સરકારે ચુંટણી પહેલા આની જાહેરાત કરી હોવા છતાં કોંગ્રેસ અને એનસીપીને આનાથી કોઈ મોટો ફાયદો થયો નહતો અને ચુંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી.



કોલકાતા ખાતે વિશ્વ ડાયાબિટીસ દિવસ નિમિત્તે યોજાયેલી એક રેલીમાં શાળાના બાળકોએ ડાયાબીટીશના પ્રતિક તરીકે 'બ્લ્યુ રીંગ' અને તે અંગે જાગૃતિ લાવવા 'પ્લે કાર્ડ' દર્શાવ્યા હતાં.

**સનસનાટીપૂર્ણ ટુજી કૌભાંડ કેસ**

# કરૂણાનિધિની પુત્રી સૈલવી માતા સામે જુબાની આપશે

નવીદિલ્હી,તા. ૧૪
ડીએમકેના વડા અને તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રી કરૂણાનિધિના પુત્રી સૈલવી હવે ટુજી કૌભાંડ સાથે સંબંધિત મનીલોન્ડ્રીંગ કેસમાં તેની માતા દયાલુ અમ્મલ અને ડીએમકેના સાંસદ કાનીમોઝી સામે જ પ્રોસીક્યુશન સાક્ષી તરીકે જુબાની આપનાર છે.

આ મામલો હવે પારિવારિક રીતે પણ ખેંચતાણ સર્જે તેવી શક્યતા છે. આ કેસમાં અમ્મલ અને કાનીમોઝી સહિત ૧૭ લોકો ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. ટ્રાયલ કોર્ટને ઈડી દ્વારા ગુરુવારના દિવસે આ અંગેની માહિતી આપી દેવામાં આવી હતી જેમાં જણાવવામાંઆવ્યું હતું કે, આ કેસમાં પ્રોસીક્યુશન સાક્ષી તરીકે સેલવી સહિત ૩૦ લોકોના નામ રહેલા છે. કોર્ટે હાલમાં જ આ કેસના સંબંધમાં પૂર્વ ટેલિકોમ પ્રધાન એ રાજા, ડીએમકેના સાંસદ કાનીમોઝી, દયાલુ અમ્મલ, અન્ય ૧૬ સામે આરોપો ઘડ્યા હતા જેમાં નવ કંપનીઓનો પણ સમાવેશ થાય છે.


ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેન ખાતે કવીન્સલેન્ડ યુનિવર્સિટી ઓફ ટકનોલોજીના વિદ્યાર્થીઓ સાથે ફોટો પડાવવા પોઝ આપ્યો હતો.

**તબિબને પણ સસ્પેન્ડ કરાયા**

# કૃણાલ ઘોષ મામલે જેલ અધિકારી સસ્પેન્ડ થયા

કોલકત્તા,તા. ૧૪
તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડ કરવામાં આવેલા સાંસદ કૃણાલ ઘોષ દ્વારા આપઘાતના પ્રયાસના મામલામાં હવે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જેલ સુપ્રીટેન્ડેન્ટ અને એક તબિબને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે. જેલના તબિબને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. ફરજ પર રહેલા સ્ટાફ સામે પણ પગલા લેવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ બનાવમાં તપાસ કરવા એક કમિટીની રચના કરવામાં આવી છે. રાજ્ય વિધાનસભામાં આ અંગેની જાહેરાત કરતાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું હતું કે, ગૃહસચિવ વાસુદેવ બેનર્જી આ કમિટીનું નેતૃત્વ કરનાર છે જે આ સમગ્ર બનાવમાં તપાસ કરશે. જેલ અધિકારી અને ફરજ પર રહેલા સ્ટાફને તપાસ પુરી ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ રાખવામાં આવશે. તૃણમૂલના સસ્પેન્ડ કરાયેલા સાંસદ કૃણાલ ઘોષે આત્મ હત્યા કરવાના પ્રયાસમાં ઉંઘની ૫૮ ગોળીઓ લઈ લીધી હતી. પશ્ચિમ બંગાળ સરકારે કેટલાક સુધારા પગલા પણ લીધા છે.

# સમાચાર ઝલક

- દેશમાં કુપોષણ બાળકોની સંખ્યા બે કરોડથી વધુ.
- દેશના ચલણ ઉપર મંદિર-મસ્જિદની તસ્વીર છાપવી અયોગ્ય છે. હાઈકોર્ટની ફટકાર.
- સિરિયા - અમેરિકાના હવાઈ હુમલામાં ૮૬૦ના મોત થયા.
- તાજેતરના વડોદરા નજીકના પુર ગ્રસ્તોને રાહત ન મળતાં કાળા વસ્ત્રોને મુંડન સાથે અનોખો વિરોધ કર્યો.
- ગુજરાત એન્કાઉન્ટર કેસોની સુનાવણી કરી રહેલા સી.બી.આઈ. કોર્ટના બે ન્યાયાધીશોની બદલી.
- નવસારીના તબીબો પાસેથી અઢી કરોડનું કાળું નાણું ઝડપાયું.
- સ્વિત્ઝર્લેન્ડમાં સોનાની ઘડિયાળ હરાજીમાં ૨૧.૩ મિલિયન ડોલરમાં વેચાઈ.
- પોલીસનો નવતર પ્રયોગ : ટ્રાફિક નિયમ પાળો અને હોટલમાં ડિસ્કાઉન્ટ મેળવો.
- ચોટીલાના ધારાઈ ગામે રસી આપ્યા બાદ બે જોડીયા બાળકોનાં મોત.
- ધૂમ-૪માં હશે શાહરૂખખાનનો દીકરો આર્યન.
- સાઉદી અરબસ્તાનમાં હવેથી પાસપોર્ટ જે તે વ્યકિતઓ પાસે રહેશે. માલિક પાસે રહેશે નહિ.
- અફઘાનમાં અફીણની ખેતીમાં વધારો થયો.
- ઓબામાએ 'મેન ઓફ એકશન' તરીકે શ્રી મોદીને ગણાવ્યા.
- તા. ૧લી ડીસેમ્બરથી રણોત્સવ શરૂ. બુકીંગ હાઉસફુલ. સફેદ રણમાં આ વખતે સ્કાય ડાઈવીંગ.
- સાણંદમાં દક્ષિણ કોરિયાની પોસ્કો કંપની સ્ટીલ પ્લાન્ટ ૧૨૦ કરોડના ખર્ચે બનાવશે.
- સંરક્ષણ પ્રધાન શ્રી મનોહર પારિકર ઈકોનોમી કલાસમાં જ વિમાની પ્રવાસ કરશે.
- ગુજરાતમાં ૫૬૭ કેદીઓ ભાગી છુટેલા છે અને મળતા નથી.
- વાંદરાઓના ડરથી રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીને મથુરાની મુલાકાત વખતે ચશ્મા ન પહેરવા સલાહ અપાઈ.
- રાજકોટના રાજકીય અગ્રણીના પુત્રએ ડબ્બા ટ્રેડીંગમાં ૧૦ કરોડ ગુમાવ્યા.

# ગોલ્ડ માર્કેટમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમાંકે : હેવાલમાં દાવો

નવી દિલ્હી,તા. ૧૪
વિશ્વમાં સોનાના સૌથી વધુ વપરાશકાર દેશ તરીકે ભારત પ્રથમ સ્થાન પર છે. દુનિયામાં ભારતમાં સોનાનો વપરાશ સૌથી વધુ રહેતા ચીન પાછળ થઈ ગયું છે. ચીનને પાછળ છોડીને ભારતે વર્લ્ડના સૌથી વધુ ગોલ્ડ કન્ઝ્યુમર તરીકેનુ સ્થાન મેળવી લીધુ છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા ગુરૂવારે આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં વાર્ષિક આધાર પર સોનાની માંગમાં ૩૯ ટકાનોવધારો થયો છે. સોનાની માંગ વધીને ૨૨૫.૧ ટન સુધી પહોંચી ગઈ છે. જે ગયા વર્ષે ૧૬૧.૬ ટનની આસપાસ રહી હતી. એકંદરે માઈક્રો-ઈકોનોમિક સેન્ટીમેન્ટમાં સુધારો થયો છે. સાથે સાથે જ્વેલરીના વેચાણમાં વધારો થયો છે. આ તમામ કારણોસર સોનાની માંગ વધી છે. અહેવાલમાં



જણાવવામાં આવ્યું છે કે ભારતમાં જુલાઈ-સપ્ટેમ્બરના ગાળામાં જ્વેલરી માંગમાં ૬૦ ટકાનો વધારો થયો છે. જેથી જ્વેલરી માંગ ૧૮૨.૯ ટનની આસપાસ રહી છે.જે ત્રીજા ત્રિમાસિક ગાળામાં સૌથી વધારે છે. ભારતમાં કુલ સોનાની માંગ ૩૧ ટકા સુધી વદીને ૫૬૨૧૯.૩ કરોડ સુધી પહોંચી ગઈ છે. નવી સરકાર કેન્દ્રમાં આવી ગયા બાદ આશા વધી છે. ઓગષ્ટ અને સપ્ટેમ્બરના ગાળામા રૂપિયા અને સોનાની કિંમતમાં નબળાઈની સીધી એઅસર પણ જોવા મળી છે. સોનાની માંગ વધવા માટે અન્ય અનેક કારણો જવાબદાર રહ્યા છે. સસ્તી કિંમતમાં સોનાની ખરીદી હાલમાં વધી ગઈ છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના મેનેજિંગ ડિરેક્ટર સોમસુન્દરમે માહિતી આપતા કહ્યું હતું કે એક વર્ષઅગાઉ જુલાઈ-સપ્ટેમ્બરના ગાળામાં સોનાની માંગમાં ઘટાડો થયો હતો. તેના માટે પણ કેટલાક પગલા જવાબદાર હતા કારણ કે એ વખતે તે વખતની સરકારે વર્તમાન ખાતાકીય ખાદ્યને અંકુશમાં લેવા માટે સોનાની આયાત પર ડ્યુટીમાં વધારો ઝીક્યો હતો.

# સુખોઈ-૩૦ વિમાન એક સપ્તાહમાં ફરીથી સેવામાં

નવીદિલ્હી, તા.૧૪
એરફોર્સના વડા અરુપ રહાએ આજે કહ્યું હતું કે, પુણે નજીક અકસ્માત બાદ સેવામાંથી થોડાક સમય માટે દૂર કરવામાં આવેલા ભારતના ફ્રન્ટલાઈન યુદ્ધ વિમાન સુખોઈ-૩૦ એક સપ્તાહની અંદર જ ફરીવાર સેવામાં આવી જશે. પુણે નજીક અકસ્માતના મામલામાં તપાસ ચાલી રહી છે જેના તારણો ટૂંક સમયમાં જ જારી કરવામાં આવનાર છે. રશિયન બનાવટના આ વિમાન ૨૦૦૯ બાદથી સૌથી વધુ સમય સુધી સેવાથી દૂર રાખવામાં આવ્યા છે. તે વખતે અકસ્માત બાદ આશરે ત્રણ સપ્તાહ સુધી તેનું ઓપરેશન બંધ રાખવામાં આવ્યું હતું. રહાએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, ૧૪મી ઓકટોબરના દિવસે પુણે નજીક અકસ્માત થયો હતો. ઓટોમેટિક ખામી સર્જાતા આ સ્થિતિ સર્જાઈ હતી. તપાસના તારણો હવે તૈયાર કરી દેવાયા છે. ટૂંકમાં જ પરિણામ આપી દેવામાં આવશે અને સુખોઇ-૩૦ વિમાનની સેવા ફરી લેવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, પ્રાથમિક તારણો દર્શાવે છે કે, કારણો શોધવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કોર્ટ ઓફ ઈન્કવાયરીના તારણો જારી કરાયા બાદ આ વિમાનની સેવા ફરી શરૂ થશે અને સામાન્યરીતે કામગીરી આગળ વધશે. સુખોઇ વિમાનોની સેવા ફરી શરૂ થવામાં કેટલો સમય લાગશે તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, એક સપ્તાહની અંદર સેવા ફરી શરૂ થયા તેવી શક્યતા છે. રશિયા દ્વારા વેચાણ સાથે સંબંધિત મુદ્દા અંગે વાત કરતા એરફોર્સના વડાએ કહ્યું હતું કે, એસયુ-૩૦ એક વિશાળ પ્રોજેક્ટના ભાગરુપે હતો જેના ભાગરુપે રશિયા પાસેથી ૨૭૦થી વધુ વિમાનો મેળવવામાં આવનાર છે. હવાઈદળના વડાએ એમ પણ કહ્યું હતું કે, આ વિમાનની સેવાને લઈને કોઈ દુવિધા નથી. વિમાન ખુબ જ અસરકારક છે.

# ઈન્ટરપોલ ફાઉન્ડેશન બોર્ડમાં રતન તાતા ઈન

નવીદિલ્હી,તા. ૧૪
તાતા સન્સના ચેરમેન રતન તાતાની હવે બોર્ડ ઓફ ઈન્ટરપોલ ફાઉન્ડેશનમાં નિમણૂંક કરવામાં આવી ચુકી છે. ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ અને આતંકવાદી પ્રવૃત્તિને રોકવાના ઉદ્દેશ્યથી બે નવી વૈશ્વિક પહેલમાં યોગદાન આપનાર બોર્ડમાં રતન તાતાને સામેલ કરવામાં આવ્યા છે. ઈન્ટરનેશનલ પોલીસ સંસ્થા દ્વારા ત્રાસવાદી પ્રવૃત્તિ અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ રોકવા પ્રયાસ થઈ રહ્યા છે. તાતા એચએસબીસીના સીઈઓ સ્ટુઅર્ટ ગુલીવર અને અન્યોની સાથે રહેશે. આ બોર્ડમાં રહેલા અન્ય સભ્યોમાં રેનોલ્ટ નિશાનના ચેરમેન અને સીઈઓ કાર્લોસનો પણ સમાવેશ થાય છે. ઈન્ટરપોલ ફાઉન્ડેશનનું કહેવું છે કે, બોર્ડ ઓફ ટ્રસ્ટીમાં બેસવા રતન તાતા તૈયાર થઈ ગયા છે તે બાબત અમારા માટે ખુબ સારી છે. પાંચ વૈશ્વિક ઉદ્દેશ્યો પૈકીના બે ઉદ્દેશ્યોને હાંસલ કરવા હાલમાં કમરકસી લેવામાં આવી છે.